# ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, અમદાવાદ.

**ફોજદારી કેસ નંબર :50736/2021**

**<u>આંક–૧ લગત હુકમ.</u>**

(૧) આ કામે સંબંધીત પો.સ્ટે.ના સંબંધીત ત.ક.અમલદાર ધ્વારા આરોપીએ અમદાવાદના મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રીનાઓના જાહેરનામાના ભંગ સબસ ફરીયાદી ધ્વારા ફરીયાદ આપવામાં આવતા ત.ક.અમલદારે તેની તપાસ પુર્ણ કરી ત.ક.અમલદાર ધ્વારા ઈ.પી.કો.કલમ– ૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુના સબબનું ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરતાં તે ઉપરોકત ફોજદારી કેસ નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે. પરંતુ અત્રેની કોર્ટ ધ્વારા સદરહું ચાર્જશીટ લગત કોગ્નીજન્સ લઈ શકાય કે કેમ ? તે અંગેની ચર્ચામાં ઉતરતાં પહેલાં સી.આર.પી.સી. કલમ– ૧૯૫(૧)(ક)(૧) ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી ખુબ જ જરુરી બની રહે છે જે નીચે મુજબ છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ :

(ક) (૧) ભારતીય દંડ સંહીતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને સહીત) હેઠળ સજાપાત્ર કોઈ ગુનાઓ અથવા

(૨) તેવા ગુનામાં મદદગારી કે તે કરવાની કોશીશ

(૩) તેવો ગુનો કરવા માટેના કોઈ ગુનાહીત કાવતરાનો, સંબંધીત જાહેર નોકરી અથવા વહીવટી હેતુઓ માટે તે જેને આધીન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની લેખીત ફરીયાદસિવાય કોગ્નીજન્સ લઈ શકે નહી.

આમ, ક્રિ.પ્રો.કો.ક. ૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં પોલીસે રજુ કરેલ પોલીસ અહેવાલ ઉપરથી આ કોર્ટ કોગ્નીજન્સ લઈ શકતી નથી. પરંતુ ભારતીય દંડ સંહિતા કલમ– ૧૭૨ થી ૧૮૮ (બંને સહીત ) હેઠળ સજાપાત્ર ગુન્હું સંજ્ઞાન સંબંધીત જાહેર નોકર અથવા વહીવટી હેતુઓ માટે તે જેને આધીન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની લેખીત ફરીયાદના આધારે લઈ શકશે. આમ, ઈ.પી.કો.કલમ– ૧૮૮ ના ગુના અન્વયેનું સંજ્ઞાન અત્રેની અદાલત પોલીસ રીપોર્ટના આધારે નહી પરંતુ માત્ર લેખીતમાં ફરીયાદના આધારે જ લઈ શકશે. '' ફરીયાદ '' ની વ્યાખ્યા સી.આર.પી.સી.ની કલમ ૨(ડી) માં આપવાં આવેલ છે, જેમાં પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી. હાલના કેસમાં જયારે ત.ક.અમલદાર ધ્વારા ઈ.પી.કો.કલમ–૧૮૮ ના ગુના સંદર્ભે લેખીતમાં ફરીયાદ આપવાના બદલે તે ગુના સબબ ચાર્જશીટ રજુ થતું હોય ત્યારે તે ગુના સબબ સી.આર.પી.સી.ની કલમ

–૧૯૫(૧)(ક)(૧) નો બાધ નડતો હોઈ અત્રેની કોર્ટ તેથી ચાર્જશીટ અન્વયે સંજ્ઞાન લઈ શકે નહી. ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૦ માં કોર્ટ કઈ રીતે કોગ્નીજન્સ લઈ શકે તે અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. પરંતુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૫ માં જયારે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ ના રીપોર્ટ થી કોગ્નીજન્સ લેવાની મનાઈ ફરમાવેલી હોય ત્યારે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીજન્સ લઈ શકાય નહી અને તેમાં '' ફરીયાદ '' શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેથી ફરીયાદ એટલે ક્રિ.પ્રો. કોડ કલમ–૨(ડી) મુજબ કોર્ટ રુબરુ થયેલ ફરીયાદ. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૫ ના બાધના કારણે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીજન્સ લઈ શકાય નહી. કારણકે ફરીયાદની વ્યાખ્યામાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી. ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૫ ની જોગવાઈ મેન્ડેટરી સ્વરુપની છે. જયારે આ જોગવાઈથી કોર્ટને સક્ષમ સત્તાધિકારીની ફરીયાદ વિના કોગ્નીજન્સ લેવા ઉપર નિષેધ ફરમાવવામાં આવેલો હોય ત્યારે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીજન્સ લઈ શકાય નહી.

ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબના ચુકાદામાં સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે,

**In M.S.Ahlawat V. State of Haryana & Anr., AIR 2000 SC 168(1999 AIR SCW 4255), Court considered the matter at lenth and held as under :-**

" Provisions of Section 195 Crpc. are Mandatory and no court has jurisdiction to the take cognizance of any of the offences mentioned therin unless there is a complaint in writing as required under that section "

તે સિવાય અન્ય લેન્ડમાર્ક ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટ ધ્વારા સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

**C. Muniappan & Ors. V. State of Tamilnadu V/s D.R. Rajendran & ors. ect. V. State of Tamilnadu. AIR 2010 Supreme Court 3718**

Penal Code (45 of 1860).S.188-Contempt of lawful authority, of public servant- prosecution for- Complaint of concerned public servant- Essential Court cannot assume cognizance without such complaint Charge uner S.188 framed against appellant in absence of complaint by competent public servant- Charge so farmed and conviction made liable to be set aside. (paras 25,27)

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં ઈ.પી.કો.કલમ–૧૮૮ ના ગુના સબબ પોલીસ અહેવાલ ઉપરથી કોર્ટને કોગ્નીજન્સ લેવાની સત્તા નથી. ના. સર્વોચ્ચ અદાલતે સી.મુનીઅપ્પન વિરુધ્ધ સ્ટેટ ઓફ તામિલનાડુ તથા એમ.એસ.આહલાવત વિ. સ્ટેટ ઓફ હરીયાણાના કેસમાં પણ તેમ ઠરાવેલું છે કે, પોલીસ ચલણ કે ચાર્જશીટ ઉપરથી કોર્ટ ઈ.પી.કો.કલમ–૧૮૮ ના ગુનાનું કોગ્નીજન્સ લઈ શકે નહી. તેથી ઈ.પી.કો.કલમ–૧૮૮ સબબનું રજુ થયેલ ચાર્જશીટ લગત અત્રેની કોર્ટને ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૧૯૫(૧)(ક)(૧) મુજબ પોલીસ અહેવાલથી સંજ્ઞાન લેવાનો બાધ નડતો

હોવાથી સંબંધીત પો.સ્ટે.ના  ત.ક.અમલદાર ધ્વારા રજુ થયેલ સદરહું ચાર્જશીટ અન્વયે અત્રેની કોર્ટને સંજ્ઞાન લેવાની સત્તા નથી.  વધુમાં આરોપી  વિરુધ્ધ જી.પી.એકટની કલમ ૧૩૫ ના ગુનાનો આક્ષેપ છે.  સદર ગુનો તે નોન કોગ્નીઝેબલ ગુનો છે. વળી આ કામે  ત.ક.અમલદાર ધ્વારા નોન કોગ્નીઝેબલ ગુનાની તપાસની કોઈપણ પરવાનગી મેળવેલ હોય તેવો કોઈ પેપર્સ રજુ થયેલ નથી. આ એન.સી. ગુનામાં પરવાનગી સિવાય હાલનું ચાર્જશીટ કરેલ છે જે કોઈ રીતે ટકી શકે તેમ નથી જેથી તે રીતે પણ ગુનાનુ સંજ્ઞાન લઈ શકાય તેમ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના ગોર્વધન કુમાર ઠાકોરદાસ અસરાની વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં નામદાર  ગુજરાત હાઈકોર્ટે સી.આર.પી.સી.ની કલમ વિસ્તૃત્માં સમજાવેલ  હોઈ જે ચુકાદાના સિધ્ધાંતને ધ્યાનમાં રાખી The law is now well settled that where an accused commits some offences which are separate and distinct from those contained in section 195, section 195 will affect only the offences mentioned therein unless such offences form an intergral part so as to amount to offences committed as part of the same transaction, in which case the other offences also would fall within the ambit of sec.195 of the code. In the case of State of Karnataka vs Hemareddy & Anr., AIR 1981 SC 1417, the Supreme Court held that in the cases where in the course of the same transaction, an offence, for which, no complaint by a court is necessary under section 195(1)(b) of the C.R.P.C. and an offence, for which, a complaint of a court is necessary under that sub section are committed, it is not possible to split up and hold that the prosecution of the accused for the offences not mentioned in section 195(1)(b), Cr.P.C. should be upheld. જે સિધ્ધાંતને ધ્યાને લેતાં પણ જી.પી.એકટની કલમ–૧૩૧ ના ગુનાને ઈ.પી.કો.કલમ–૧૮૮ ના ગુનાથી અલગ પાડી શકાય તેમ ન હોય તેથી જી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુના અન્વયે પણ સંજ્ઞાન  લઈ શકાય તેમ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: **હુકમ** :–

૧. હાલના કેસની કાર્યવાહીને ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૫ નો બાદ નડતો હોય, આરોપી સામેનો કેસના પ્રોસીડીંગ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ બંધ કરવામાં આવે છે અને આરોપીને બિનત્હોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સીની કલમ–૧૯૫ (૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમા તારીખ–૧૧મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૧/૦૯/૨૦૨૧
અમદાવાદ.

ઈ/ચા.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.